**ફોજદારી કેસ નં. ૨૪/ ૨૦૨૫.**

GJDW050000272025

| | | | |
|---|---|---|---|
| દાખલતારીખ: | ૦૨–૦૧–૨૦૨૫ | | |
| રજૂ તારીખ: | ૦૨–૦૧–૨૦૨૫ | | |
| ફેસલ તારીખ: | ૩૦–૦૬–૨૦૨૬ | | |
| સમય | વર્ષ | માસ | દિવસ |
| અવધી: | ૦૧ | ૦૫ | ૨૮. |

---

**દ્વારકાનાં મહેરબાન એડીશ્નલ ચીફ જયુડીશ્યલ મેજિસ્ટ્રેટ**

**(શ્રી જે.એસ.પ્રજાપતિ) સાહેબની કોર્ટમાં, મુકામ : દ્વારકા સમક્ષ.**

---

**ફોજદારી કેસ નં. ૨૪/ ૨૦૨૫.**

**આંક :–૨૬.**

**ફરિયાદી:** **સ ર કા ર શ્રી,**

(ફરિયાદી : શિવુભા કચરાભા ગીગલા,

જાતે : હિન્દુ વાઘેર, ઉંમર વર્ષ : ૩૮,

ધંધો : મજૂરી, રહેવાસી : નરસંગ ટેકરી, દ્વારકા,

તાલુકો: દ્વારકા, જિ. દેવભૂમિ દ્વારકા.)

**વિરુધ્ધ**

**આરોપી:** બાલુભા ઘેલુભા સુમણીયા,

**ફોજદારી કેસ નં. ૨૪/ ૨૦૨૫.**

જાતે : હિન્દુ વાઘેર,   ઉંમર વર્ષ : ૨૩,
ધંધો: મજૂરી, રહેવાસી : નરસંગ,
ખાર તળાવ રોડ, ગયા કોઠા વિસતાર,
દ્વારકા, તાલુકો : દ્વારકા,
જિ. દેવભૂમિ દ્વારકા.

---

**ગુન્હો :- ધી ભારતીય ન્યાય સંહિતા ( બી. એન. એસ. )–૨૦૨૩ ની કલમ– ૧૧૮ ( ૧ ), ૧૨૫, ૩૫૨, ૩૫૧ ( ૩ ),  તેમજ ધી ગુજરાત પોલીસ એકટની કલમ – ૧૩૫ ( ૧ ) અન્વયે.**

---

---

**એડવોકેટસ એપીયરન્સીશ:–**

**ફરિયાદ પક્ષ તરફે વિદ્વાન આસી.પબ્લીક પ્રોસી. શ્રી એસ. પી. પરમાર,**

**આરોપી  પક્ષ તરફે વિદ્વાન વકીલ શ્રી  એમ. એચ. સોલંકી.**

---

**::– ચુ કા દો –::**

(૧) ફરિયાદ પક્ષનાં કેસની ટુંકમાં હકીકત એવી છે કે, ગત તા.૦૭–૦૯–૨૦૨૪ નાં રોજ, કલાક ૨૨ : ૦૦ વાગ્યાનાં સુમારે, મોજે નરસંગ ટેકરી, ફૂલવાડી ચોક, ફરિયાદી શ્રી શીવુભા કચરાભા ગીગલાનાં રહેણાંક મકાન, મું. દ્વારકા, તાલુકો : દ્વારકા,

જિ. દેવભૂમિ દ્બારકા ખાતે, આ કામના ફરિયાદીએ આરોપીને મારામારી ન કરવા સમજાવવા જતાં આરોપીએ ફરિયાદીને ભૂંડી ગાળો આપી, ફરિયાદી ઉપર બેફામ પથ્થરનાં ઘા કરી, એક ઘા ફરિયાદીને કાનના ભાગે લાગતા ફરિયાદીને લોહી કાઢી, જાનથી મારી નાખવાની ધમકી આપી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ સાહેબશ્રી, જિલ્લો : દેવભૂમિ દ્બારકા વાળાનાં હથિયાર બંધી અંગેનાં જાહેરનામાંનો સરેઆમ ભંગ કરી, ધી ભારતીય ન્યાય સંહિતા ( બી. એન. એસ. )–૨૦૨૩ ની કલમ– ૧૧૮ ( ૧ ), ૧૨૫, ૩૫૨, ૩૫૧ ( ૩ ) તેમજ ધી ગુજરાત પોલીસ એકટની કલમ – ૧૩૫ ( ૧ ) મુજબનો ગુનો કર્યો હતો, જે બનાવ સંબંધે ફરિયાદીએ સંબંધીત પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપતા ગુનો નોંધાયેલો અને તપાસ કરનાર અમલદારે પૂરતી તપાસ કરી હાલનાં આરોપી વિરુધ્ધ પૂરતો પુરાવો પડતાં ચાર્જશીટ અત્રેની અદાલતમાં રજૂ કરેલું.

(૨) આ કામે આરોપીને સમન્સની બજવણી થતા, ત્યારબાદ ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા – ૨૦૨૩ ની કલમ – ૨૩૦ અન્વયે પોલીસ પેપર્સની નકલો વિના મુલ્યે આરોપીને પુરી પાડ્યાની ખાતરી કર્યા બાદ, આરોપીઓ સામે તહોમતનામું ફરમાવી, ત્યાર બાદ આરોપીનાં ગુના સંબંધી નિવેદનો લેતાં આરોપીઓએ તેમની સામેના ગુન્હાનો ઈન્કાર કરતાં ન્યાયિક કાર્યવાહી આગળ ચલાવવામાં આવી. ફરિયાદ પક્ષે પૂરાવો રજૂ કરવા જણાવતાં ફરિયાદ પક્ષે રજૂ કરેલ પૂરાવો નોધ્યો.

**ફોજદારી કેસ નં. ૨૪/ ૨૦૨૫.**

(૩) ફરિયાદ પક્ષે તેમના કેસના સમર્થનમાં નીચે મુજબના પૂરાવાઓ રજૂ કર્યા છે.

**Prosecution Witnesses:**

| Sr. No. | RANK | NAME | NATURE OF EVIDENCE |
|---|---|---|---|
| (૧) | EXH.-20 | ફરિયાદ પક્ષ તરફે સાહેદ – મુળ ફરિયાદી શીવુભા કચરાભા ગીગલા ની સોગંદ ઉપરની જુબાની. | મુળ ફરિયાદી |

**Prosecution Exhibits:**

| Sr. No. | Exhibit Number | Description |
|---|---|---|
| (૧) | EXH.-21 | ફરિયાદ પક્ષ તરફે – મુળ ફરિયાદી શીવુભા કચરાભા ગીગલાની પોલીસ ફરિયાદ. |
| (૨) | EXH.- 22 | ફરિયાદ પક્ષ તરફે ગુનાવાળી – બનાવવાળી – સ્થાનિક જગ્યાનું પંચનામું. |

| | | |
|---|---|---|
| (૩) | EXH.- 23 | ફરિયાદ પક્ષ તરફે મુળ ફરિયાદી – શિવુભા કચરાભા ગીગલાનું મેડીકલ ઈન્જરી સર્ટીફીકેટ. |
| (૪) | EXH.-24 | ફરિયાદ પક્ષ તરફે મુળ ફરિયાદી – શિવુભા કચરાભા ગીગલાનું ટ્રીટમેન્ટ સર્ટીફીકેટ. |

(૪) આ કામે ફરીયાદ પક્ષે મહત્વના સાક્ષી તપાસ્યા બાદ અને મુળ ફરીયાદી પક્ષે તેઓ વધુ પુરાવો રજુ કરવા માંગતા ન હોય અને હાલનો કેસ આગળ ચલાવવા માંગતા ન હોય તે વિગતેની ક્લોઝીંગ પુરસીસ આંક – 25 થી રજુ કરેલ છે. કેસના સંજોગો ધ્યાને લેતા, ચાર્જશીટમાં દર્શાવેલ અન્ય સાક્ષીઓ તપાસવાથી પણ કેસની હકીકતો નિઃશંકપણે પુરવાર થઈ શકે તેવી સંભાવના ન હોય તે તમામ સંજોગોમાં, નામ. સુપ્રિમ કોર્ટના ૧૯૯૬(૩), ક્રાઈમ્સ, ૮૫, ''સતીષ મહેરા વિ. દિલ્હી એડમિનિસ્ટ્રેશન'' તથા (૨૦૦૮)૯, એસ.સી.સી., ૬૭૭, ''નિખિલ મરચન્ટ વિ. સી.બી.આઈ.'' તથા (૨૦૦૮) ૪, એસ.સી.સી., ૫૮૨, '' મદનમોહન વિ. સ્ટેટ ઓફ પંજાબ'' ના ચુકાદાઓમાં નામ.સુપ્રિમ કોર્ટે ઠરાવેલ સિદ્ધાંત કે, જ્યારે પક્ષકારો વચ્ચે સમાધાન થઈ ગયેલ હોય અને ફરીયાદી આરોપી સામેના તમામ આક્ષેપો પાછા ખેંચતા હોય ત્યારે કોર્ટે સમાધાન સ્વીકારવું જોઈએ અને જ્યારે આરોપીને તકસીરવાન ઠરાવવાની કોઈ શક્યતા જણાતી ન હોય ત્યારે, કોર્ટે આવા પ્રોસીડીગ્સ આગળ ચલાવવા ફ્યુટાઈલ એકસરસાઈઝ કરવી ન જોઈએ તે સિદ્ધાંત ધ્યાને લઈ, ફરીયાદ પક્ષનો પુરાવો પુરો કરવામાં આવેલ છે.

**ફોજદારી કેસ નં. ૨૪/ ૨૦૨૫.**

(૪.૧) સદર કામે ફરીયાદ પક્ષે જે સાહેદને તપાસવામાં આવેલ છે તે સિવાયનાં બાકીના સાહેદોને વિ.એ.પી.પી.શ્રીની વિનંતીથી ડ્રોપ કરવામાં આવેલ છે, આ કામે આરોપીના ધી ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા – ૨૦૨૩ ની કલમ – ૩૫૧ અન્વયેના વિશેષ નિવેદન લેવાપાત્ર પુરાવો ન હોય વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી. આ કામે આરોપીએ બચાવના કોઈ સાહેદને તપાસેલ નથી કે સોગંદ ઉપર જુબાની આપેલ નથી.

(૫) ત્યાર બાદ બંને પક્ષકારોના વિદ્વાન વકીલશ્રીઓની કાયદા તથા હકીકતો અંગેની દલીલો ધ્યાનપૂર્વક સાંભળવામાં આવેલ છે.

(૬) પક્ષકારોના બચાવ નિવેદન અન્વયે સદર કેસના નિકાલ માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**::– મુ દ્દા ઓ –::**

૧. શું ફરિયાદ પક્ષ નિ:શંક પણે પુરવાર કરે છે કે,ગત તા.૦૭–૦૯–૨૦૨૪ નાં રોજ, કલાક ૨૨ : ૦૦ વાગ્યાનાં સુમારે, મોજે નરસંગ ટેકરી, ફૂલવાડી ચોક, ફરિયાદી શ્રી શીવુભા કચરાભા ગીગલાનાં રહેણાંક મકાન, મું. દ્વારકા, તાલુકો : દ્વારકા, જિ. દેવભૂમિ દ્વારકા ખાતે, આ કામના

ફરિયાદીએ આરોપીને મારામારી ન કરવા સમજાવવા જતાં આરોપીએ ફરિયાદીને ભૂંડી ગાળો આપી, ફરિયાદી ઉપર બેફામ પથ્થરનાં ઘા કરી, એક ઘા ફરિયાદીને કાનના ભાગે લાગતા ફરિયાદીને લોહી કાઢી, જાનથી મારી નાખવાની ધમકી આપી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ સાહેબશ્રી, જિલ્લો : દેવભૂમિ દ્વારકા વાળાનાં હથિયાર બંધી અંગેનાં જાહેરનામાં નો સરેઆમ ભંગ કરી, ધી ભારતીય ન્યાય સંહિતા ( બી. એન. એસ. )–૨૦૨૩ ની કલમ– ૧૧૮ ( ૧ ), ૧૨૫, ૩૫૨, ૩૫૧ ( ૩ ) તેમજ ધી ગુજરાત પોલીસ એકટની કલમ – ૧૩૫ ( ૧ ) મુજબનો શિક્ષાપાત્ર ગુનો કર્યો છે ?

૨. શું હુકમ ?

(૭) ઉપરોકત મુદ્દાઓ અંગેનાં મારા ન્યાયિક નિર્ણયો નીચે મુજબનાં છે. :–

**::– નિ ર્ણ યો –::**

૧. નકારમાં,

૨. આખરી હુકમ મુજબ.

(૮) ઉપરોકત મુદ્દાઓ અંગેનાં મારા ન્યાયિક નિર્ણયો માટેનાં કારણો નીચે મુજબ છે :–

**::– કા ર ણો –::**

**મુદ્દા નં. ૧ :–**

(૯) સદર કામે ફરીયાદ પક્ષે આંક– 20 થી ફરિયાદી મુળ ફરિયાદી શીવુભા કચરાભા ગીગલા ને અદાલત સમક્ષ સોગંદ ઉપર તપાસેલા હતાં, જેમા સદર ફરિયાદીએ પોતાની ખૂદની જ ફરિયાદ આંક–૨૧ વાળીને લેશમાત્ર પણ સમર્થનકારક પુરાવો આપેલો નથી, જેથી એ. પી. પી. શ્રી દવારા હાલનાં કેસનાં ખૂબ જ અગત્યનાં અને મહત્વનાં ગણી શકાય, તેવા ફરિયાદીને ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરવામાં આવેલા છે અને ત્યાર બાદ થયેલી ઉલટ તપાસ જોતાં પણ સદર ફરિયાદીએ પોતાની જ ફરિયાદ આંક–૨૧ વાળીને લેશમાત્ર પણ સમર્થનકારક પુરાવો આપેલો નથી.

(૯.૧) ત્યાર બાદ સદર ફરીયાદીની બચાવ પક્ષ તરફે લેવાયેલી ઉલટ તપાસ મા તેમણે જણાવેલ હતું કે, એ વાત ખરી છે કે, મારે તથા આરોપી વચ્ચે સમાધાન થઈ ગયેલ છે. એ વાત ખરી છે કે, મારે તથા અરોપી વચ્ચે સામાન્ય બોલાચાલી થયેલી, તે સિવાય બીજુ કશું બનેલ નહીં. એ વાત ખરી છે કે, આરોપીએ મને કોઈ ગાળો આપેલ નથી કે પથ્થર વડે ઈજા કરેલ નથી. એ વાત ખરી

છે કે, મેં ફરિયાદમાં સહીં કરેલી, તે સિવાય બીજુ કશું જાણતો નથી.

(૧૦) આમ, હાલનાં કેસનાં ખૂબ જ અગત્યનાં અને મહત્વનાં ગણી શકાય, તેવા સદર ફરિયાદી અને ઈજા પામનાર સાહેદોએ જ ફરીયાદ પક્ષ ને સમર્થન કારક જુબાની આપેલ ન હોય, ફરિયાદ આંક–૨૧ વાળીની હકીકતો જ સદર ફરિયાદીની અદાલત સમક્ષની જુબાની અને ઉલટ તપાસ થકી પુરાવાનાં અભાવનાં પ્રમુખ કારણસર સાબીત થતી નથી.

(૧૧) સાક્ષીના પુરાવાની વિશ્વસનીયતાનો નિર્ણય તેણે આપેલ પુરાવાનું સમગ્રતયા મૂલ્યાંકન કરીને કરવાનો હોય છે. પુરાવાની સચ્ચાઈનો નિષ્કર્ષ કેસના એકંદરે સંજોગો જોતા મળી જાય છે. નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા કનુભાઈ દાનાભાઇ પટેલ વિરુદ્ધ ગુજરાત રાજ્યના ચુકાદામાં કરેલ અવલોકન હાલના કેસમાં સુસંગત જણાય છે. નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા ***Kalubhai Danabhai Patel vs The State Of Gujarat*** તા.૦૭/૦૯/૨૦૦૬ના ચુકાદામાં ઠરાવેલ છે કે,

**“30. Now the credibility of witnesses is a matter not regulated by rules of procedure. The power to speak truth by any witness depends upon his knowledge, is power of expression and his will to speak truth. Regard for the truth emanating from inner conscious of a witness is a matter to be**

**discerned by the Courts which might be depending upon various circumstances. Naturally, credibility of witness has to be decided by referring to his evidence as a whole and from the fact that how the witness fared in cross-examination. To decide the credibility of a witness impression created by him before the Court by his evidence in other context i.e. other facts of the case is also important. The endeavor should be to find out, as to whether the statements of witnesses are wholly improbable; whether the deposition contains mutually contradictory or inconsistent version; whether there is bitter enmity in the mind of a witness from the opposite side and what is demeanour of the witness, while deposing before the Court. These are the important guidelines to decide the credibility of the witnesses. Above all integrity, ability and consistency of a witness and conformity of his say with other circumstances appearing in the case is very essential to place reliance upon the witness to conclude that the particular witness is a truthful witness. At the same time, if it is found that a witness has made deliberately false statement in his deposition, which are utterly unreliable then there cannot be any guarantee of the truth of the statement made by such witness. It must not also**

**loss sight that to test the veracity of a witness examined in cross is not only available method. But the veracity is required to be judged from overall circumstances of a given case and this is purely a question of fact. There cannot be straitjacket formula and what is available as per the law to a Court must be taken in aid to assess the credibility of a witness, because the Court is not an automation to mechanically compute all evidence on record without assessing the same in context of overall circumstances.”**

(૧૨) સાહેદોના પુરાવાનું મૂલ્યાંકન કરતા ફરિયાદમાં જણાવ્યા મુજબનો બનાવ બનવા બાબતે સ્પષ્ટ પુરાવો રેકર્ડ પર આવેલ નથી. આ સાહેદે સરતપાસમાં આપેલ જુબાનીથી તેઓ ફરિયાદી અને મહત્વના સાહેદ હોઈ આક્ષેપિત ગુનાના તત્વો પુરવાર થતા નથી. તેમજ આક્ષેપિત ગુનો હાલના આરોપી દ્વારા કરવામાં આવેલ હોય તે ફરિયાદપક્ષ રેકર્ડ પરના પુરાવાના આધારે સાબિત કરી શકેલ નથી. આરોપોની વિશ્વસનીયતા અને સચ્ચાઈ સાક્ષીઓની ઉલટતપાસના અંતે ટકી શકેલ નથી. અને તહોમત પુરવાર કરવા માટેનો રેકર્ડ પરનો પુરાવો પુરતો જણાતો નથી. આરોપીની સંડોવણી દર્શાવતા પુરાવા વિનાનું આનુમાનીક તારણ ટકી શકે નહિ. શંકા પ્રેરતી જુબાનીના આધારે આરોપીને દોષિત ઠરાવી શકાય નહિ. હાલના આરોપી જ ખરેખર જવાબદાર હતા તેવી વ્યાજબી માત્રાની ચોકસાઈ વિના તેઓની સ્વતંત્રતા છીનવી લઈ શકાય નહિ. એ હકીકત પણ ભુલાવી ન જોઈએ કે સાક્ષીની ઉલટ તપાસ જ તેની વિશ્વસનીયતા ચકાસવાની એકમાત્ર પધ્ધતિ નથી. આ સચ્ચાઈનો નિર્ણય કેસના સમગ્ર

સંજોગો પરથી કરવાનો હોય છે, જે દેખીતી રીતે હકીકત નો પ્રશ્ન છે.

(૧૩) આમ, આ કામે ફરિયાદપક્ષે રજુ થયેલ સમગ્ર પુરાવો ધ્યાને લઇ મૂલ્યાંકન કરતાં જણાય છે કે, ફરિયાદીએ પુરાવા બંધની પુર્સીસ આપતા, ફરિયાદપક્ષે અન્ય કોઈ મૌખિક પુરાવો રેકર્ડ પર આવી શકેલ નથી. પંચનામું સાબિત કરવા માટે કોઈ મૌખિક પુરાવો રેકર્ડ પર લઈ તેની વિગતો સાબિત થઇ શકેલ નથી. હાલના કેસમાં ફરિયાદીએ બનાવની હકીકતે મુખ્ય સાક્ષી હોઈ, આ કેસમાં અન્ય સાહેદો જેમનો પુરાવો મુખ્ય નથી પણ સમર્થનકારી છે. ઉપર મુજબ મુખ્ય પુરાવો આપનાર સાહેદ ફરિયાદ પક્ષનાં અસમર્થનકારી પુરાવાઓ બાદ ફરિયાદની હકીકતોને લગતો કોઈ સીધો કે સંયોગિક સચોટ પુરાવો રેકર્ડ પર લાવી ફરિયાદપક્ષનો કેસ નિશંકપણે સાબિત થઇ શકે તેમ નથી. રેકર્ડ પરના ઉપરોક્ત પુરાવાના આધારે કોઈપણ રીતે આરોપીને ગુનાની હકીકત અને તત્વો સાથે સાંકળી શકાય તેમ નથી. અને આધારભૂત, વિશ્વસનીય અને માનવાને લાયક પુરાવો રેકર્ડ પર લાવી શકવાની અક્ષમતાને કારણે ગત તા.૦૭-૦૯-૨૦૨૪ નાં રોજ, કલાક ૨૨ : ૦૦ વાગ્યાનાં સુમારે, મોજે નરસંગ ટેકરી, ફૂલવાડી ચોક, ફરિયાદી શ્રી શીવુભા કચરાભા ગીગલાનાં રહેણાંક મકાન, મું. દ્વારકા, તાલુકો : દ્વારકા, જિ. દેવભૂમિ દ્વારકા ખાતે, આ કામના ફરિયાદીએ આરોપીને મારામારી ન કરવા સમજાવવા જતાં આરોપીએ ફરિયાદીને ભૂંડી ગાળો આપી, ફરિયાદી ઉપર બેફામ પથ્થરનાં ઘા કરી, એક ઘા ફરિયાદીને કાનના ભાગે લાગતા ફરિયાદીને લોહી કાઢી, જાનથી મારી નાખવાની ધમકી આપી, અધિક

**ફોજદારી કેસ નં. ૨૪/ ૨૦૨૫.**

જિલ્લા મેજિસ્ટ્રેટ સાહેબશ્રી, જિલ્લો : દેવભૂમિ દ્વારકા વાળાનાં હથિયાર બંધી અંગેનાં જાહેરનામાંનો સરેઆમ ભંગ કરી, ધી ભારતીય ન્યાય સંહિતા ( બી. એન. એસ. )–૨૦૨૩ ની કલમ– ૧૧૮ ( ૧ ), ૧ ૨૫, ૩૫૨, ૩૫૧ ( ૩ ) તેમજ ધી ગુજરાત પોલીસ એકટની કલમ – ૧ ૩૫ ( ૧ ) મુજબનાં શિક્ષાને પાત્ર ગુનાનું તહોમત નિશંકપણે અદાલત સમક્ષ સચોટ અને સંતોષકારક મૌખિક પુરાવાઓ અને લેખિત દસ્તાવેજી આધારો – પુરાવાઓ થકી સાબિત કરવામાં સફળ નીવડેલ નાં હોઈ, મુદ્ધા નં.૧ નો જવાબ નકારમાં આપી, મુદ્દા નં. ૨ પરત્વે ન્યાયનાં વિશાળ હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**::– આ ખ રી હુ ક મ –::**

(૧) આ કામનાં આરોપીબાલુભા ઘેલુભા સુમણીયા, જાતે : હિન્દુ વાઘેર, ઉંમર વર્ષ : ૨૩, ધંધો: મજૂરી, રહેવાસી : નરસંગ, ખાર તળાવ રોડ, ગયા કોઠા વિસતાર, દ્વારકા, તાલુકો : દ્વારકા, જિ. દેવભૂમિ દ્વારકાવાળાઓ ને દ્વારકા પોલીસ સ્ટેશન પાર્ટ– '' એ '' ગુના રજીસ્ટ્રેશન નં.૧૧૧૮૫૦૦૨૨૪૧૦૦૭ / ૨૦૨૪ થી નોંધાયેલા – ધી ભારતીય ન્યાય સંહિતા ( બી. એન. એસ. )–૨૦૨૩ ની કલમ– ધી ભારતીય ન્યાય સંહિતા ( બી. એન. એસ. )–૨૦૨૩ ની કલમ– ૧૧૮ ( ૧ ), ૧૨૫, ૩૫૨, ૩૫૧ ( ૩ ) તેમજ ધી ગુજરાત પોલીસ એકટની કલમ – ૧૩૫ ( ૧ )

મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી પુરાવાના અભાવે, શંકાનો લાભ આપી, છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા – ૨૦૨૩ ની કલમ – ૪૮૧ અન્વયે, આરોપીએ જામીન આપેલ હોય તો તે હુકમની તારીખથી છ માસ માટે ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે, અન્યથા અન્યથા આરોપીએ રૂા.૫,૦૦૦/–(અંકે રૂપીયા પાંચ હજાર પુરા) ના જામીન આપવા.

ઉપરોકત હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

સ્થળ : દ્વારકા.
તારીખ:૩૦–૦૬–૨૦૨૬
(#STENO.:H.N.T.)

**(જગદીશ શંકરભાઈ પ્રજાપતિ)**
**એડીશ્નલ ચીફ જયુડીશ્યલ મેજિસ્ટ્રેટ,**
**દ્વારકા.**
(જજ્ઞ યુનિક આઈ. ડી. નં. જી જે ૦૧૨૨૭)